## આઈઆઈએમએમાં પીજીપીના 60મા વર્ગ અને એફએબીએમના 24મા વર્ગના વિદ્યાર્થીઓનું સ્વાગત; લાયક અને હોંશિયાર વિદ્યાર્થીઓ માટે વધુ શિષ્યવૃત્તિની જાહેરાત

- આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા 2 કરોડ રૂપિયાની નવી શિષ્યવૃત્તિઓનો ફાળો આઈઆઈએમએ અક્ષય કોષ મારફતે આપવામાં આવ્યો
- 408 વિદ્યાર્થીઓ પીજીપી અને 47 એફએબીએમ પાઠ્યક્રમમાં જોડાયા

**28 જૂન, 2023:** અગ્રણી વૈશ્વિક પ્રબંધ સંસ્થાન, ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) દ્વારા તાજેતરમાં કેમ્પસમાં બે-વર્ષીય પૂર્ણકાલિક સ્નાતકોત્તર પ્રબંધન પાઠ્યક્રમ (પીજીપી)ના 60મા વર્ગના વિદ્યાર્થીઓ અને બે-વર્ષીય પૂર્ણકાલિક સ્નાતકોત્તર ખાદ્ય તથા કૃષિ-વ્યવસાય પ્રબંધન પાઠ્યક્રમ (પીજીપી-એફએબીએમ)ના 24મા વર્ગના વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું. એકસાથે, વર્ગમાં કુલ 455 એવા વિદ્યાર્થીઓ સામેલ છે જેઓ કેળવણીનું ઊંચુ પરિણામ મેળવેલ છે અને સમગ્ર દેશમાંથી વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવેલ છે.

કેમ્પસમાં એક સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડીન (પ્રોગ્રામ) પ્રોફેસર પ્રદ્યુમ્ન ખોકલેએ આઈઆઈએમએમાં નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું. પ્રોફેસર ભરત ભાસ્કર, ડાયરેક્ટર, આઈઆઈએમએ; પ્રોફેસર પ્રદ્યુમ્ન ખોકલે, ડીન (પ્રોગ્રામ્સ); પ્રોફેસર અભિમાન દાસ, અધ્યક્ષ (પીજીપી); પ્રોફેસર વિનીત વિરમાણી, અધ્યક્ષ (પીજીપી-એફએબીએમ); પ્રોફેસર એમ.પી. રામ મોહન, અધ્યક્ષ (પ્રવેશ); પ્રોફેસર અંકુર સિંહા, અધ્યક્ષ (પ્લેસમેન્ટ); પ્રોફેસર ચિન્મય તુમ્બે અધ્યક્ષ, સ્પોર્ટ્સ તથા મનોરંજન પ્રવૃત્તિ સમિતિ (એસએઆરએ), પ્રોફેસર નમન દેસાઈ, અધ્યક્ષ, વિદ્યાર્થી આવાસ અને કલ્યાણ સમિતિ અને ગિરીશ રાજપુરોહિત, જનરલ સેક્રેટરી (વિદ્યાર્થી કાર્ય પરિષદ) વગેરે એમાં હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

પોતાના ઉદ્ઘાટન ભાષણમાં સંબોધતાં, **આઇઆઇએમએના ડાયરેક્ટર પ્રોફેસર ભારત ભાસ્કરે જણાવ્યું** હતું કે, "*તમે આઈઆઈએમએમાં પરિવર્તનની સફર શરૂ કરી રહ્યા છો, જે તમને એક એવું વાતાવરણ આપે છે જે શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહિત કરશે અને તમારા ભવિષ્ય માટે મજબૂત પાયો નાખશે. જ્યારે તમે વિશ્વભરમાં આપણાં હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અગ્રણી સંસ્થાઓને પોતાની બુદ્ધિ, સખત મહેનત અને સમર્પણ સહિત નેતૃત્વ કરતાં જોશો, ત્યારે તમે પણ તમારું સ્તર આગળ લાવશો. આ પણ એક સિદ્ધિ છે કારણ કે વહેલી તકે મહત્વાકાંક્ષી બનીને, તમે તમારી પોતાની અપેક્ષાઓથી વધુ અસાધારણ સિદ્ધિઓ માટે તમારી જાતને તૈયાર કરી રહ્યા છો. તમે આઈઆઈએમએમાં તમારી સફર શરૂ કરી રહ્યા છો. તમને મારા તરફથી અનેક શુભેચ્છાઓ.*

*સૌથી મહત્વની વાત એ કે, હું તમને નૈતિકતાનાં ઉચ્ચ ધોરણોને જાળવવા અને સૈદ્ધાંતિક હોવાના મહત્વને સમજવા વિનંતી કરું છું કારણ કે જ્યારે તમે ભવિષ્યમાં સંસ્થાઓ અથવા તો વિશ્વની અર્થવ્યવસ્થાઓનું નેતૃત્વ કરશો ત્યારે પ્રામાણિકતા અને અખંડિતતા નિર્ણાયક બની રહેશે.*

*હું આઈઆઈએમએના આપણાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પણ આભાર માનવા માંગુ છું જેમણે લાયક અને હોંશિયાર વિદ્યાર્થીઓ માટે આઈઆઈએમએ અક્ષય કોષ દ્વારા 30 નવી શિષ્યવૃત્તિઓ સ્થાપિત કરવામાં મદદ કરી. અમે ભવિષ્યમાં આ શિષ્યવૃત્તિઓની સંખ્યામાં વધારો કરવા ઈચ્છીએ છીએ જેથી લાયક વિદ્યાર્થીઓને સંસ્થામાં જોડવામાં મદદ મળી શકે."*

નવા વિદ્યાર્થીઓને સલાહ આપતાં, આઈઆઈએમએના પીજીપી અધ્યક્ષ **પ્રોફેસર અભિમાન દાસે** જણાવ્યું હતું કે, "આઈઆઈએમએ સમુદાય એક વિશેષ સમુદાય છે. પહેલી અને મુખ્ય વાત એ છે કે આઈઆઈએમએ 110થી વધુ વિશ્વ-વિખ્યાત ફેકલ્ટીથી સંપન્ન છે, અને તેમાંના લગભગ તમામ અહીં કેમ્પસમાં જ નિવાસ કરે છે. તમારા શિક્ષકો તરીકે, અમારી પ્રાથમિકતા પહેલા એ નક્કી કરવાની છે કે તમારું શિક્ષણ સખત, વ્યાપક અને સતત રહે. તમારી આઈઆઈએમએની સફરનો મહત્તમ ઉપયોગ કરો અને આઈઆઈએમએમાં હોવાના તમારા ઉદ્દેશ્યથી કદી ડગશો નહીં. નમ્ર અને વિવેકી બનો, બધી પ્રવૃત્તિઓમાં ભાગ લો, ટીમ પ્લેયર બનવાનું શીખો અને જ્યારે પણ તમને અમારી મદદની જરૂર હોય ત્યારે અમારો સંપર્ક કરો. તમે આઈઆઈએમએમાં આગળની સફરને પરિપૂર્ણ કરો એવી શુભેચ્છાઓ."

પીજીપી-એફએબીએમના અધ્યક્ષ પ્રોફેસર વિનીત વિરમાણીએ જણાવ્યું હતું કે, "પીજીપી-એફએબીએમ સંસ્થાના સૌથી જૂના દીર્ઘકાલિક પ્રબંધન પાઠ્યક્રમોમાંનો એક છે, અને તે ખાસ કરીને ભારતના કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. આટલાં વર્ષોથી, પીજીપી-એફએબીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમની સિદ્ધિઓ દ્વારા ખોરાક, કૃષિ અને સંબંધિત વિજ્ઞાનનો અભ્યાસ કરીને સમગ્ર દેશના યુવાનો માટે રોલ મોડેલ બન્યા છે. અમે પીજીપી-એફએબીએમના 2023-25ના વર્ગને આઈઆઈએમએમાં આવકારવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ અને આશા રાખીએ છીએ કે આ બેચ તેમના શૈક્ષણિક પ્રદર્શન અને વ્યાવસાયિક સિદ્ધિઓ દ્વારા માત્ર અમારી અપેક્ષાઓ કરતાં વધુ નહીં પરંતુ વિદ્યાર્થીઓની ભાવિ પેઢીઓ માટે આદર્શ બને"

**વિવિધતા અને સર્વસમાવેશકતા**

વિવિધતા એ આઈઆઈએમએ ખાતે વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની મુખ્ય આવશ્યકતાઓમાંની એક રહી છે કારણ કે તે વર્ગમાં ચર્ચાઓને વધારે છે, દરેકને મંતવ્યો અને વ્યવહારમાં વિવિધતાને શીખવાની અને સ્વીકારવાની તક પૂરી પાડીને, સમસ્યાનું નિરાકરણ કરવા માટેના વિવિધ પરિપ્રેક્ષ્યોને શોધી કાઢીને, અને વિદ્યાર્થીઓને વાસ્તવિક વિશ્વની પર્યાવરણીય પરિસ્થિતિઓનું સંચાલન કરવા માટે તૈયાર કરતી

વખતે સમગ્ર શિક્ષણને વધુ સર્વગ્રાહી બનાવે છે. 2023-25ના પીજીપી વર્ગમાં વિવિધ શૈક્ષણિક, વ્યાવસાયિક, સામાજિક-આર્થિક અને વિભિન્ન લિંગ પૃષ્ઠભૂમિના 408 લાયક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. 2023-2025ની પીજીપી બેચમાં 26 ટકા ફ્રેશર્સ અને 74 ટકા અનુભવી ઉમેદવારોનો સમાવેશ થાય છે જેમાં મેડિસિન, બહુરાષ્ટ્રીય કંપનીઓ, પીએસયૂ, શિક્ષણ, અવકાશ સંશોધન, સિવિલ સેવકો, એનજીઓ, સંરક્ષણ સેવાઓ, ગેમિંગ, બેંકિંગ, કન્સલ્ટન્સી, સ્ટાર્ટ-અપ્સ, કાયદાકીય સંસ્થાઓ, વગેરેના કૌશલ્ય અને કાર્ય અનુભવ સામેલ છે. બેચના લગભગ 42 ટકામાં નોન-એન્જિનિયરિંગ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે અને એન્જિનિયરિંગમાંથી 58 ટકાનો સમાવેશ થાય છે. આ પીજીપી વર્ગમાં 23 ટકા મહિલા છાત્રાઓનો સમાવેશ થાય છે.

પીજીપી એફએબીએમ બેચમાં 47 છાત્રો છે, જેમાં તેમના બધા આહાર અને કૃષિવ્યવસાયના પૃષ્ઠભૂમિથી આવેલા છે. આ વર્ષે પણ મહિલા વિદ્યાર્થીઓની ટકાવારી ગયા વર્ષની 38 ટકાની સરખામણીએ વધીને 42 ટકા થઈ છે.

2023-2025ના પીજીપી વર્ગમાં નોંધપાત્ર સંખ્યામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ જોડાયા છે. સંસ્થાએ હંમેશાં સમાવેશી શિક્ષણની વિભાવનાની હિમાયત કરી છે અને ઈઓઓ (સમાન તક કાર્યાલય) ની સ્થાપના કરી છે જે વિકલાંગ વિદ્યાર્થીઓ સાથે તેમની વિશેષ જરૂરિયાતોને સમજવા માટે સહયોગ કરે છે અને એપલ આઈપેડ્સ, ઓટોમોટિવ વ્હીલચેર, સ્પેશિયલાઇઝ્ડ સોફ્ટવેર, લેપટોપ માટે હાઈ-રિઝોલ્યુશન કેમેરા, અને કેમ્પસમાં તેમના વિદ્યાર્થી જીવન દરમિયાન તેમની પાસે હોય તેવી અન્ય કોઈ ચોક્કસ જરૂરિયાતો સહિતની અનેક સુવિધાઓ પૂરી પાડે છે.

**શિષ્યવૃત્તિની સંખ્યામાં વધારો – આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મજબૂત સમર્થન**

હોંશિયાર અને લાયક વિદ્યાર્થીઓને ટેકો આપવાના મિશનને આગળ વધારતા આઈઆઈએમએ એ 2023-25ના આવનારા પીજીપી વર્ગ માટે 30 નવી શિષ્યવૃત્તિઓની જાહેરાત કરી છે. શિષ્યવૃત્તિમાં ફાળો આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આઈઆઈએમએ અક્ષય કોષ કાર્યાલયના માધ્યમથી કરવામાં આવનાર છે. 10 લાખ રૂપિયાવાળી એક એવી કુલ 10 શિષ્યવૃત્તિઓ અને 5 લાખ રૂપિયા વાળી એક એવી કુલ વીસ શિષ્યવૃત્તિઓ પ્રથમ વર્ષની શરૂઆતમાં અને બીજા વર્ષમાં વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ આઈઆઈએમએનાં ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ફાળા અને સમર્થન દ્વારા શક્ય બની છે જેઓ હોંશિયાર વિદ્યાર્થીઓને આઈઆઈએમએના વિશ્વ-કક્ષાના શિક્ષણની પહોંચ મળે તે સુનિશ્ચિત કરવાના તેવા ઉદ્દેશ્યને આગળ ધપાવવા માટે સંસ્થા સાથે ખૂબ નજીકથી સંકળાયેલા છે. આ

શિષ્યવૃત્તિની સ્થાપના આઈઆઈએમએ અક્ષય કોષ દ્વારા કરવામાં આવી છે, જે 2020માં આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના જૂથ દ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે.

આ શિષ્યવૃત્તિઓ ઉપરાંત, સંસ્થા પાસે શૈક્ષણિક અને સર્વાંગી ઉત્કૃષ્ટતા અને વિશિષ્ટ વિષયોમાં કામગીરી માટે પુરસ્કારોના રૂપમાં અન્ય કેટલીક છે, જે કાં તો સંસ્થા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અથવા વ્યક્તિગત અને સંસ્થાકીય દાતાઓ દ્વારા એનાયત કરવામાં આવે છે.

આઈઆઈએમએના પીજીપી અને એફબીએએમ પાઠ્યક્રમને તેમના સંબંધિત ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પાઠ્યક્રમો તરીકે ઓળખવામાં આવ્યા છે. પીજીપીને ભારતમાં અને વૈશ્વિક સ્તરે વિશ્વના ટોચના મેનેજમેન્ટ પ્રોગ્રામ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે. પીજીપી-એફએબીએમ એ *એગ્રીબિઝનેસ/ફૂડ ઇન્ડસ્ટ્રી મેનેજમેન્ટમાં માસ્ટર્સ રેન્કિંગ 2022*માં તેની કેટેગરીમાં પ્રખ્યાત પાઠ્યક્રમોમાં વૈશ્વિક સ્તરે ટોચના ક્રમાંકિત પાઠ્યક્રમોમાં છે. આ બંને કાર્યક્રમોના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં તેમની છાપ છોડી છે. આજે, આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના નેટવર્કમાં સમગ્ર વિશ્વમાં લગભગ દરેક દેશમાં સ્થિત 40,000 થી વધુ વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે.

આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમની માતૃસંસ્થા સાથે નજીકથી જોડાયેલા છે અને સંસ્થાને અનેક રીતે ટેકો આપે છે. આઇઆઇએમએ અક્ષય કોષનો ઉદ્દેશ હોંશિયાર અને લાયક વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે ભંડોળ એકત્ર કરીને, કેન્દ્રો અને સંશોધન અધ્યક્ષો દ્વારા સંશોધનને પ્રોત્સાહન આપીને, આધારરૂપ માળખાઓની સ્થાપના કરીને, વગેરે જેવી તેમની પહેલના પરિણામે અનેક સામાજિક સમુદાય પ્રોજેક્ટ્સને સમર્થન આપવાનું છે. સૌથી મહત્વની બાબત એ છે કે, આઈઆઈએમએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું નેટવર્ક એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સમર્થન આપવા અને સાથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મદદ કરવા માટેની એક ઉત્તમ ચેનલ છે.

આઈઆઈએમએ દેશ અને વિશ્વમાં મેનેજમેન્ટ શિક્ષણમાં અગ્રણી રહ્યું છે. અમારું અસાધારણ શિક્ષણ શાસ્ત્ર, સહભાગિતાની વિશિષ્ટ સમજ, અને વૈશ્વિક સ્તરના અભ્યાસક્રમના મૂળભૂત સિદ્ધાંતોનું સતત પાલન સાથે-સાથે ગતિશીલ રીતે બદલાતા આર્થિક સંદર્ભમાં અનુકૂલન સાથે, અમે એક ટોચની વ્યવસ્થાપન સંસ્થા તરીકે અસ્તિત્વમાં રહ્યા છીએ.

**આઈઆઈએમ અમદાવાદ વિશે:**

ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) એક અગ્રણી, વૈશ્વિક પ્રબંધ સંસ્થાન છે જે પ્રબંધન શિક્ષણના ક્ષેત્રમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે છે. તેના અસ્તિત્વના 60 વર્ષોમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ નેતાઓની કેળવણી, ઉદ્યોગ, સરકાર અને સામાજિક સાહસોને સહાયક બનાવવા અને સમાજ પર પ્રગતિશીલ અસર ઊભી કરીને તે દ્વારા શિષ્યવૃત્તિ, અભ્યાસ અને નીતિમાં તેના અનુકરણીય યોગદાન માટે સર્વસ્વીકૃત છે.

આઈઆઈએમએની સ્થાપના 1961માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ જગત દ્વારા એક નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી, તે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત કરતું રહ્યું છે અને આજે તે 80થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને દુબઈમાં હાજરી સાથેનું નેટવર્ક ધરાવે છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને 40,000થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દા પર છે, તેઓ પણ તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી, આઈઆઈએમએના શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર આધારિત અને સામાજિક રીતે પ્રભાવશાળી પાઠ્યક્રમોએ વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. *EQUIS* (ઈક્વિસ) તરફથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બનેલ છે. આ સંસ્થાને ભારત સરકારના *રાષ્ટ્રીય સંસ્થાગત રેંકિંગ ફ્રેમવર્ક (NIRF)*, ભારતીય રેંકિંગ 2023માં પણ પ્રથમ સ્થાન મળેલ છે. *ફાઈનાન્સિયલ ટાઈમ્સ* (FT) દ્વારા કાર્યપાલક શિક્ષણ રેંકિંગ 2023માં સંસ્થાને ભારતમાં નંબર 1, એશિયામાં નંબર 2 અને વૈશ્વિક સ્તરે 35મું સ્થાન આપવામાં આવ્યું છે. તાજેતરમાં જાહેર કરાયેલ *BT-MDRA* ભારતની શ્રેષ્ઠ બી-સ્કૂલ 2023 રેન્કિંગ્સની સૂચિમાં સંસ્થા બીજા સ્થાન પર રહી છે. પ્રસિદ્ધ બે-વર્ષીય અનુસ્નાતક પ્રબંધન પાઠ્યક્રમ (પીજીપી) *FT માસ્ટર્સ ઇન મેનેજમેન્ટ રેન્કિંગ 2021*માં 26માં ક્રમે છે અને એક-વર્ષીય અનુસ્નાતક કાર્યપાલક પાઠ્યક્રમ (પીજીપીએક્સ) *FT ગ્લોબલ એમબીએ રેન્કિંગ 2022* માં 62માં ક્રમે છે.

આઈઆઈએમએ બિઝનેસ લીડર્સ, પોલિસી મેકર્સ, ઇન્ડસ્ટ્રી પ્રેક્ટિશનર્સ, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર સેનાદળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને સાહસિકો માટે અનુકૂલિત, મિશ્ર અને ઓપન એનરોલમેન્ટ ફોર્મેટમાં કન્સલ્ટન્સી સેવાઓ અને 200થી વધુ અનુકૂલિત કાર્યપાલક શિક્ષણના અભ્યાસક્રમો પૂરા પાડે છે. આઈઆઈએમએ વિશે વધુ જાણવા માટે, કૃપા કરીને આ લિંક પર ક્લિક કરો: https://www.iima.ac.in/